www.xtrapapers.com

OCR
Oxford Cambridge and RSA

# Monday 20 June 2016 – Afternoon

## A2 GCE GUJARATI

**F884/01** Listening, Reading and Writing 2

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 45 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

### INSTRUCTIONS TO CANDIDATES

- The Special Sheet will be found inside this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Answer **all** the questions in Section A and B and **one** question in Section C.
- Do **not** write in the bar codes.

### INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are three sections in this paper.
  **SECTION A: 38 Marks Listening and Writing**
  **SECTION B: 77 Marks Reading and Writing**
  **SECTION C: 45 Marks Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2016 [K/500/8404] OCR is an exempt Charity
DC (LEG) 105825/2

www.xtrapapers.com



## SECTION A – Listening and Writing

*Recommended time for Section A: 30 minutes*

**Task 1: Listening**

**Gujarati Literature**

**Listen to the recording and answer the following questions IN ENGLISH.** **[6 marks]**

**(a)** What **two** things does the literature of Gujarat tell us about?

**(i)** ........................................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................................ **[1]**

**(b)** How does this literature benefit members of society?

........................................................................................................................ **[1]**

**(c)** According to the speaker, what types of material in Gujarati are available in the UK at present? Give **one** example.

........................................................................................................................ **[1]**

**(d)** **(i)** In the opinion of the speaker, who reads Gujarati literature in the UK?

........................................................................................................................ **[1]**

**(ii)** Why does he think this is the case?

........................................................................................................................ **[1]**

© OCR 2016

www.xtrapapers.com



**સવાલ ૨ : શ્રવણ**

**દેવુકાકા અને રૂપાબા**

**વાર્તા સાંભળીને નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.**

**[૨૨ ગુણ વાચનબોધ માટે અને ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**(ક)** ગામના લોકોને દેવુકાકા અને રૂપાબા પ્રત્યે કેવી લાગણી હતી?

.......................................................................................................................**[૧]**

**(ખ)** બન્ને દંપતિ તેમના વ્યવસાયને યોગ્ય કયા કયા ગુણો ધરાવતાં?

**(૧)** દેવુકાકા**?**.......................................................................................................**[૧]**

**(૨)** રૂપાબા**?**..........................................................................................................**[૧]**

**(ગ)** લંડનમાં રહેતા તેમના પુત્રો માબાપની કઈ કઈ રીતે કાળજી લેતા? **ત્રણ** વિગતો આપો.

**(૧)**.......................................................................................................................**[૧]**

**(૨)**.......................................................................................................................**[૧]**

**(3)**.......................................................................................................................**[૧]**

**(ઘ)** તેમના પુત્રોને કઈ વાતનું ગૌરવ હતું?

.......................................................................................................................**[૧]**

**(ચ)** દીકરાઓ મૂકી જતા એ કપડાંમાંથી સારાં સારાં કપડાંને રૂપાબા કેવી રીતે પુનઃઉપયોગમાં લેતાં?

.......................................................................................................................**[૧]**

**(છ)** ગામની અમુક સ્ત્રીઓને વધારે જૂનાં થઈ ગયેલાં કપડાંમાંથી કયો કસબ શીખવાની તક મળતી ?

.......................................................................................................................**[૧]**

**(જ)** આ કામથી ગામના લોકોને કઈ રીતે લાભ થતો?

.......................................................................................................................**[૧]**

© OCR 2016

www.xtrapapers.com



**(ઝ)** ગામમાં પુન:ઉપયોગના કાર્યમાં કિશોર-કિશોરીઓ કઈ **બે** સ્પષ્ટ રીતે ફાળો આપતા?

(૧) ..................................................................................................................... **[૧]**

(૨) ..................................................................................................................... **[૧]**

**(ટ)** ખેતીના કામ માટે દેવુકાકાએ શા માટે લોકોને નોકરીએ રાખ્યા હતા?

..................................................................................................................... **[૧]**

**(ઠ)** દેવુકાકા વધારાના અનાજનું શું કરતા?

..................................................................................................................... **[૧]**

**(ડ)** દેવુકાકાએ કિશોર-કિશોરીઓને ફળોના ઝાડોની જવાબદારી સોંપતાં પહેલાં શું કર્યું?

..................................................................................................................... **[૧]**

**(ઢ)** કિશોરો દેવુકાકાની ઉદારતાનો કેવી રીતે બદલો વાળતા?

..................................................................................................................... **[૧]**

**(ણ)** દેવુકાકા સાથે કામ કરવાથી કિશોર-કિશોરીઓના અને યુવક-યુવતીઓના મનમાં લાંબા ગાળાની કઈ ઇચ્છા પેદા થઈ અને શા માટે?

**(૧)** કઈ ઇચ્છા**?** ..................................................................................................... **[૧]**

**(૨)** શા માટે**?** ..................................................................................................... **[૧]**

**(ત)** ગામનાં છોકરાંઓ પર્યાવરણને મદદ થાય એવું શું કરતા?

..................................................................................................................... **[૧]**

**(થ)** કચરાનો ઢગલો કરવાનું કારણ શું હતું?

..................................................................................................................... **[૧]**

© OCR 2016

www.xtrapapers.com



(દ) લોકોમાં ચોખ્ખાઈ વિશે જાગૃતિ લાવવા દેવુકાકા બીજું શું કરતા?

.......................................................................................................................[૧]

(ધ) વર્ષો વર્ષ કચરાનો ઢગલો નાનો થતો જતો એ શું બતાવી આપતું?

.......................................................................................................................[૧]

© OCR 2016

www.xtrapapers.com



## SECTION B – Reading and Writing

*Recommended time for Section B: 1 hour 15 minutes*

**In Section B there are 10 marks for quality of language.**

**સવાલ ૩ થી ૭**

**સવાલ ૩ થી ૭માં બધા જ સવાલો એક જ લેખ "ભારતમાં સ્ત્રી સમાનતા" પર આધારિત છે.**

**નીચેનો લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**ભારતમાં સ્ત્રી સમાનતા**

૧ ભારતની સંસ્કૃતિમાં સ્ત્રીને મહાશક્તિ તરીકે પૂજવામાં આવે છે. ભારતનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે પુરાણા કાળમાં સ્ત્રીને પુરુષની જેમ બધી જ વિદ્યાઓમાં પારંગત કરવામાં આવતી. ભારતના બંધારણમાં પણ સ્ત્રીને પુરુષ સમાન હક્કો આપવામાં આવ્યા છે. અત્યારે મોટા ભાગનાં માતાપિતા દિકરાને કદાચ વધારે શિક્ષણ આપતાં હશે, તેમ છતાં, દીકરીને પણ તેઓ યોગ્ય રીતે ભણાવે છે અને ઉચિત છૂટ આપે છે. દીકરી વહાલનો દરિયો બનીને કુટુંબીજનોના જીવનને ભર્યું ભર્યું રાખે છે.

૨ દરેક માબાપ ઉંમરલાયક દીકરીને સારે ઠેકાણે પરણાવવાની આશા સેવે છે. ક્યારેક આ 'સારું ઠેકાણું' સ્વર્ગ સમાન નીવડે છે, પણ ક્યારેક પહેલાં સંસ્કારી લાગતો મૂરતિયો અને તેના કુટુંબીજનો પછીથી મુશ્કેલીઓ ઊભી કરે છે. લગ્ન સમયે કન્યા પક્ષને પોસાય નહિ તેટલું દહેજ માંગે છે અને લગ્ન પછી ભણેલીગણેલી વહુની સ્વતંત્રતા પર કાપ મૂકે છે.

૩ ઘણી વખત પતિ અને ઘરનો બીજો પુરુષવર્ગ પારકી દીકરીને માન અને પ્રેમ આપે છે પણ સાસુ અને નણંદ નવી વહુને પજવવામાં પાછું વળીને જોતાં નથી. ઘરના કામનો બધો બોજ નવી વહુ પર ઢોળી દે છે, વાતવાતમાં તેને અને તેના પિયરને મેણાં મારે છે અને નાની નાની બાબતે તેના પતિ પાસે તેની ફરિયાદ કરે છે. આમ સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બને છે.

૪ ભારતમાં 'બેટી બચાઓ'ની ઝૂંબેશ ચાલી રહી હોવાં છતાં સ્ત્રીભૃણ (female foetus) ધરાવતી કેટલીયે ગર્ભવતી સ્ત્રીઓને કુટુંબીજનો ગર્ભપાત (abortion) કરાવવા મજબૂર કરે છે. કાયદા પ્રમાણે આ ગર્ભપાત એક ગુનો ગણાય છે પણ લાલચુ ડોક્ટરો મોં માગ્યા પૈસા લઈને ખાનગી રીતે આ કલંકભર્યું કાર્ય કરી આપે છે. સ્ત્રી જો સામે થાય તો તેને પિયરનો રસ્તો દેખાડે છે અથવા તેના પર અત્યાચાર ગુજારે છે. સ્ત્રીભૃણની હત્યાને કારણે ભારતના રાજ્યોમાં અત્યારે પુરુષ કરતાં સ્ત્રીની સંખ્યા સરેરાશ ઘટતી ગઈ છે. દિલ્હીમાં તબીબી વિદ્યાર્થીની પર થયેલા બળાત્કાર અને એ બાબતની પોલિસની નિષ્ક્રિયતા વિશે જે ઊહાપોહ જાગ્યો તેમાં કેટલાય પુરુષોએ પણ સાથ આપ્યો એ પ્રસંશનીય છે. ભારતના લોકો સ્ત્રીને પ્રધાનપદે પણ બેસાડી શકે છે અને સમાજમાં તેને સાવ ગૌણ પણ ગણી શકે છે. ભારતની એક એક સ્ત્રી સ્વતંત્રતાથી રહી શકશે ત્યારે જ ભારતને સાચી આઝાદી સાંપડી છે એમ કહી શકાશે.

© OCR 2016

www.xtrapapers.com



**ફકરો પહેલો**

**નીચે આપેલાં અધૂરાં વાક્યો વાંચો.** **[૬ ગુણ]**

| | |
|---|---|
| **૧.** | **...** થોડી થોડી છૂટછાટ આપે છે. |
| ૨. | ... ભારતનાં નરનારીઓને એકસરખું જ્ઞાન આપવામાં આવતું. |
| ૩. | ... ક્યારેક બહેનો કરતાં વધારે ઊંચું શિક્ષણ મળે છે. |
| ૪. | ... સ્ત્રીને દેવી સ્વરૂપ માનવામાં આવે છે. |
| ૫. | ... દેવીની મૂર્તિ બનાવવામાં આવતી. |
| ૬. | ... જરા પણ છૂટછાટ મળતી નથી. |
| ૭. | ... સ્ત્રી અને પુરુષને સમાનતા આપવામાં આવી છે. |
| ૮. | ... ઘણો પ્રેમ આપે છે. |

**નીચે આપેલાં દરેક અધૂરા વાક્યને ફકરા પ્રમાણે પૂરું કરવા ઉપરના કોષ્ટકમાંથી યોગ્ય અર્ધવાક્ય શોધી તેનો નંબર ખાનામાં લખો.**

**(ક)** ભારતની સભ્યતામાં સ્ત્રીને **...** ☐

**(ખ)** પ્રાચીન સમયમાં ... ☐

**(ગ)** ભારતના કાયદામાં ... ☐

**(ઘ)** હાલના સમયે ભારતમાં પુરુષોને ... ☐

**(ચ)** માબાપ છોકરીઓને પણ ... ☐

**(છ)** દીકરી પોતાના પરિવારમાં સૌને ... ☐

© OCR 2016

www.xtrapapers.com



**ફકરો પહેલો**

**નીચે શબ્દો આપ્યા છે તેના સમાન અર્થવાળા શબ્દો પહેલા ફકરામાંથી શોધીને લખો.** **[૯ ગુણ]**

**(ક)** મહિલાને ......................... **[૧]**

**(ખ)** જેમ .......................... **[૧]**

**(ગ)** વખતમાં ........................... **[૧]**

**(ઘ)** કાબેલ ............................ **[૧]**

**(ચ)** સરખા ............................ **[૧]**

**(છ)** અધિકારો ............................ **[૧]**

**(જ)** ભણતર ............................ **[૧]**

**(ઝ)** સ્નેહનો ............................ **[૧]**

**(ટ)** સમુદ્ર ............................ **[૧]**

© OCR 2016

www.xtrapapers.com



**ફકરો બીજો**

**એક અથવા એકથી વધારે શબ્દો વડે લેખના અર્થ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.** **[૫ ગુણ]**

દીકરી વિવાહલાયક થાય એટલે માતાપિતા તેને માટે સારું ઘર શોધવાનું **(ક)** .................................... છે અને ક્યારેક એ ઘરમાં દીકરીને ખૂબ **(ખ)** .................................... છે. પણ ઘણી વાર પહેલાં સારા લાગતા એ ઘરના સભ્યો પછીથી સાવ **(ગ)** .................................... છે. તેઓ લગ્ન સમયે છોકરીના માબાપ પાસેથી ઘણા બધા પૈસાની **ઘ)** .................................... છે. લગ્ન પછી પણ નવી વહુ પર અનેક બંધનો **(ચ)** .................................... .

**સવાલ ૬**

**ફકરો ત્રીજો**

**નીચેનાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરો.** **[૫ ગુણ]**

**(ક)** ઘણી વાર સસરાના ઘરના પુરુષો વહુનું પ્રેમથી ............................................................ **[૧]**

**(ખ)** પણ ઘરનો સ્ત્રી વર્ગ નવી વહુને બહુ ............................................................................ **[૧]**

**(ગ)** નવી વહુને ઘરકામનો બધો ભાર ................................................................................ **[૧]**

**(ઘ)** સાસુ અને નણંદ વારંવાર તેનું અને તેના માતાપિતાનું .................................................. **[૧]**

**(ચ)** સાસુ નાની નાની વાતમાં દીકરા પાસે ફરિયાદ કરીને વહુ સાથે ....................................... **[૧]**

© OCR 2016

www.xtrapapers.com



**સવાલ ૭**

**ફકરો ચોથો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** (૧) ઘણી વખત કુટુંબીજનોના દબાણને કારણે ગર્ભવતી સ્ત્રીને શું કરવું પડે છે?

........................................................................................................................ **[૧]**

(૨) શા માટે?

........................................................................................................................ **[૧]**

**(ખ)** કેટલાક ડોક્ટરો કઈ રીતે કાયદાનું ઉલંઘન કરે છે અને શા માટે?

........................................................................................................................

........................................................................................................................**[૨]**

**(ગ)** સ્ત્રી જો તેના સાસરિયાંના કહેવા પ્રમાણે ન કરે તો તેને શું કરવું પડે છે?

........................................................................................................................

........................................................................................................................**[૨]**

**(ઘ)** ભારતની વસ્તીના સમતોલન પર શી અસર થઈ છે?

........................................................................................................................**[૧]**

**(ચ)** ભારતના પુરુષોના વિચારો બદલી રહ્યાં છે તેનો કયો પુરાવો છે?

........................................................................................................................**[૧]**

**(છ)** લેખકને ભારતના લોકોના એક સ્ત્રી પ્રત્યેના વલણમાં કયો વિરોધાભાસ જોવા મળે છે?

........................................................................................................................ **[૧]**

**(જ)** લેખક પ્રમાણે ભારતને ખરેખરું સ્વાતંત્ર્ય ક્યારે મળ્યું કહેવાશે?

........................................................................................................................ **[૧]**

© OCR 2016

www.xtrapapers.com



**સવાલ ૮ થી ૧૧**

**સવાલ ૮ થી ૧૧માં બધા જ સવાલો એક જ લેખ "યુ.કે.ના ગૃહજીવનમાં ટેક્નોલોજી" પર આધારિત છે.**

**નીચે આપેલો લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**યુ.કે.ના ગૃહજીવનમાં ટેક્નોલોજી**

૧ યુ.કે.માં રહેતા ગુજરાતીઓમાંથી મોટા ભાગના ગુજરાતીઓ લગભગ પચાસેક વર્ષથી અહીં સ્થાયી થયેલા છે. ભારતમાં કે આફ્રિકામાં તેઓ ઘરનાં સઘળાં કામ હાથ મહેનત કરીને કરતા અથવા નોકરો પાસે કરાવતા. આ દેશમાં આવીને તેમને નોકર રાખવાનું પોસાય તેમ ન હતું પણ અહીંના કેટલીયે જાતના યંત્રો અને સાધનોએ તેમના કામને સહેલું કર્યું.

૨ પહેલાંના વખતમાં જ્યારે ઘરને વાળીઝૂડીને સાફ રાખવા સાવરણી વપરાતી ત્યારે કેટલીક રજ ઊડીને રાચરચીલાં પર છવાઈ જતી. બધો જ કચરો ચૂસી લેતા વેક્યૂમ યંત્રએ સાવરણીની જગ્યા લઈ લીધી પછી આ સમસ્યા ટળી ગઈ.

3 ઘરના બેઠકખંડમાં આવેલી મહત્ત્વની વસ્તુ તે ટેલિવિઝન. વર્ષો પહેલાં તેમાં દિવસના અમુક કલાક જ કાર્યક્રમો આવતા પણ હવે તો ચોવીસે કલાક ચાલતું અને કેટલીયે ચેનલો જોવાની સગવડ આપતું ટેલિવિઝન દરેક માટે એક આવશ્યક અંગ બની ગયું છે.

૪ રસોડામાં તો યંત્રોએ તેમનું <u>રાજ સ્થાપ્યું</u> છે. કોલસાના ધુમાડાને કારણે <u>આંખને આંસુથી નવડાવતી</u> સગડીને બદલે ચાંપ દબાવતાંની સાથે અગ્નિ આપતો ચૂલો રસોઈ કરનારનો <u>પ્રિય સાથી</u> બન્યો. લોકો ઓવનમાં બનાવેલાં કેક, બિસ્કિટ જેવાં <u>અનેક પકવાન</u> નાસ્તામાં પીરસવાં લાગ્યાં. ગાજર કોબીનું કચુંબર બનાવવું છે? ચોપરમાં તે <u>ચપટી વગાડતામાં</u> તૈયાર. કોથમીર-મરચાંની ચટણીનું પણ એવું જ. ખાંડણી – દસ્તો જાણે <u>ભૂતકાળ બની ગયા</u>.

૫ આજની ગુજરાતી ગૃહિણી દિવસભર સંતાનો અને પતિદેવ માટે દોડધામ કરતી હોય એટલે તેના કામને સહેલું અને ઝડપી કરતાં યંત્રોને તે આવકારે છે. તેમ છતાં, કોલસાની સગડીમાં શેકેલાં રીંગણાનો સ્વાદ વીજળીથી ચાલતા ઓવનમાં શેકેલાં રીગણાં કરતાં તેને ચડિયાતો લાગે છે. વીજળીથી ચાલતા મિક્સરમાં બનાવેલી ચટણી ક્યારેય ખાંડણીમાં ખાંડેલી ચટણીની તોલે આવે ખરી? આજકાલ ગૃહિણીઓ સ્થૂળતા અને પગના દુખાવાની ફરિયાદ કરે છે એ પણ આ યંત્રોના વપરાશને કારણે જ તો. હાથે કપડાં ધોવાં-નીચોવવાંમાં શરીરને જેટલી કસરત મળતી તેટલી કસરત કંઈ કપડાં ધોવાનું યંત્ર વાપરવાથી ન મળે. નીચે બેસીને સગડી પર રસોઈ કરવામાં જે ઊઠબેસ થતી તે પગમાં જોમ પૂરતી, જ્યારે ઊભા રહીને ચૂલા પર રસોઈ કરવાથી પગને કેટલો માર પડે. વળી યંત્રો ચલાવવા વીજળીનો વ્યય થાય છે અને લગભગ બધાં જ યંત્રો વાતાવરણમાં અવાજનું પ્રદૂષણ વધારે છે. તો પછી થોડીક હાથ મહેનત કરીને પર્યાવરણના મિત્ર શા માટે ન બનીએ?

© OCR 2016

www.xtrapapers.com



**Task 8: Transfer of meaning**

**Transfer into ENGLISH the meaning of the first paragraph from** 'યુ.કે.માં રહેતા ગુજરાતીઓમાંથી મોટા ભાગના' **to** 'કેટલીયે જાતના યંત્રોએ તેમના કામને સહેલું કર્યું.'

**Marks are awarded for accurate transfer of meaning and the quality of your written English.**

**[10 marks]**

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

.......................................................................................................................................

© OCR 2016

www.xtrapapers.com



**સવાલ ૯**

**ફકરો બીજો અને ત્રીજો**

**ખાલી જગ્યાઓને લેખ પ્રમાણે પૂરવા તમારા પોતાના એક અથવા વધારે શબ્દો લખો.** **[૬ ગુણ]**

વર્ષો પહેલાં સાવરણીનો ઉપયોગ કરીને **(ક)** ............................................. પણ એ વાપરતી વખતે

ઊડતી રજ રાચરચીલાંને **(ખ)** ........................................ વેક્યૂમ યંત્રની

**(ગ)**........................................ આ મુશ્કેલી રહી નથી.

અત્યારે ટેલિવિઝને આપણા દીવાનખંડમાં ખૂબ અગત્યનું **(ઘ)**.................................... કારણક તેમાં રાતદિવસ **(ચ)**........................................ અને ઘણા લોકોને તેના (છ) ..................................

© OCR 2016

www.xtrapapers.com



**સવાલ ૧૦**

**ફકરો ચોથો**

**નીચે આપેલા શબ્દો / શબ્દસમૂહો લેખમાં લીટી દોરીને બતાવવામાં આવ્યા છે. દરેકનો અર્થ તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં સમજાવો.** **[૬ ગુણ]**

**(ક)** રાજ સ્થાપ્યું

......................................................................................................................................

......................................................................................................................................**[૧]**

**(ખ)** આંખને આંસુથી નવડાવતી

......................................................................................................................................

......................................................................................................................................**[૧]**

**(ગ)** પ્રિય સાથી

......................................................................................................................................

......................................................................................................................................**[૧]**

**(ઘ)** અનેક પકવાન

......................................................................................................................................

......................................................................................................................................**[૧]**

**(ચ)** ચપટી વગાડતામાં

......................................................................................................................................

......................................................................................................................................**[૧]**

**(છ)** ભૂતકાળ બની ગયા

......................................................................................................................................

......................................................................................................................................**[૧]**

© OCR 2016

www.xtrapapers.com



**સવાલ ૧૧**

**ફકરો પાંચમો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** ગુજરાતી ગૃહિણીનું જીવન શા માટે ખૂબ તણાવયુક્ત હોય છે?

........................................................................................................................**[૧]**

**(ખ)** તેનું કામ સહેલું કરવા ઉપરાંત આ યંત્રો તેને શા માટે આવકારદાયક લાગે છે?

........................................................................................................................**[૧]**

**(ગ)** વીજળીથી ચાલતા યંત્રમાં બનાવી શકાય એવાં બે ખાદ્યપદાર્થોના દાખલા આપો અને દરેક માટે કહો કે તે પરંપરા પ્રમાણે બનાવેલા ખાદ્યપદાર્થ કરતાં કઈ રીતે ઉતરતા કક્ષાના છે.

(૧)................................................................................................................ **[૧]**

(૨)................................................................................................................ **[૧]**

**(ઘ)** (૧) યંત્રોને કારણે ગૃહિણીના આરોગ્ય પર કઈ અસરો પડી છે? **બે** વિગતો આપો.

........................................................................................................................

........................................................................................................................**[૨]**

(૨) આમ શા માટે થાય છે તે બતાવતાં **બે** કારણો આપો.

........................................................................................................................

........................................................................................................................**[૨]**

**(ચ)** લેખકને શા માટે લાગે છે કે યંત્રોનો બહોળો વપરાશ પર્યાવરણ માટે મૈત્રીપૂર્ણ નથી? **બે** વિગતો આપો.

........................................................................................................................

........................................................................................................................**[૨]**

© OCR 2016

www.xtrapapers.com



## SECTION C – Writing

*Recommended time for Section C: 1 hour*

**નીચેના સવાલોમાંથી એક ચૂંટો. ગુજરાતીમાં એક નિબંધ લખો. તમારે ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો લખવા જોઈએ. તમે ૪૦૦થી વધારે શબ્દો ન લખો તેવી ભલામણ અમે કરીએ છીએ.**

**તમારા નિબંધમાં કોઈ પણ દેશમાં વસેલા ગુજરાતી ભાષા બોલતા સમાજને લગતા દાખલા અને માહિતીનો સમાવેશ થવો જોઈએ.**

**સવાલો ખાસ પાના પર પણ છાપેલા છે.**

**સવાલ ૧૨ સમાજ: કાયદો અને સુરક્ષા**

"લોકોના જીવનમાં તણાવ અને અસંતોષ વધે છે ત્યારે તેઓ સરકાર સામે બળવો કરે છે."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? દાખલા તરીકે, વધતી જતી મોંઘવારી, બેકારી, વગેરે વિશે વાત કરીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.
તમારા લખાણમાં ગુજરાતી બોલતા સમાજને સંબંધિત મુદ્દાઓનો સમાવેશ કરવાનું યાદ રાખો.

**સવાલ ૧૩ સમાજ: એકતા અને અલગતા**

તમારા સમાજ માટે એક લેખ લખો. તમારા લેખમાં સમજાવો કે ગુજરાતી લોકો માટે ખાસ સગવડોવાળાં વૃદ્ધાશ્રમો ખોલવાની જરૂર છે અને તેમ કરવાથી કુટુંબની કઈ કઈ ચિંતાઓ અને મુશ્કેલીઓને દૂર કરી શકાશે.

**સવાલ ૧૪ પર્યાવરણ: પ્રદૂષણ**

"ગુજરાતી લોકોમાં પ્રદૂષણ વિશે સમજ હોવાં છતાં તેઓ તે બાબતે બેદરકાર રહે છે."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? ગુજરાતી સમાજમાં થતા, દાખલા તરીકે, જમીન, પાણી અને અવાજના પ્રદૂષણ સંબંધી લખીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

**સવાલ ૧૫ પર્યાવરણ: ઊર્જા વ્યવસ્થા**

તમારી નિશાળના સામયિક માટે 'ઊર્જા - બગાડ ઘટાડો અને બચાવ કરો' એ વિષય પર લેખ લખો. લેખમાં, ગુજરાતી લોકો ઘરમાં કઈ કઈ રીતે ઊર્જાનો બગાડ ઘટાડી શકે એ વિશે સૂચનો આપો અને આમ કરવાથી થતા ફાયદાઓ સમજાવો.

© OCR 2016

www.xtrapapers.com



**સવાલ ૧૬ વિજ્ઞાન અને ટેકનોલોજી: તબીબી વિજ્ઞાનનો વિકાસ**

"મોટા ભાગના ગુજરાતી દર્દીઓ યુ.કે.ની નેશનલ હેલ્થ હોસ્પિટલોની સગવડો અને તેમને મળતી સારવારને વખાણે છે."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? ગુજરાતી લોકોની ભાષા, તેમની ખાવાની ટેવો, તેમની માંગણીઓ અને તેમના સ્વભાવને ધ્યાનમાં રાખીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો."

**સવાલ ૧૭ વિજ્ઞાન અને ટેકનોલોજી: ટેકનોલોજીનો વિકાસ**

"ઇન્ટરનેટના સામાજિક નેટવર્ક" - એ વિષય પર તમે તમારી નિશાળના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાનું ભાષણ તૈયાર કરી રહ્યા છો. તમારા ભાષણમાં તમે ફેઇસ બુક, ટ્વિટર અને બીજા સામાજિક માધ્યમોનો ઉલ્લેખ કરીને, ગુજરાતી સમાજ માટે તેમના લાભો અને ગેરલાભો સમજાવો. વિદ્યાર્થીઓએ કઈ કઈ બાબતે સાવચેત રહેવું જોઈએ તે કહો.

**સવાલ ૧૮ સંસ્કૃતિ: સાહિત્ય અને કળા**

"ગુજરાતમાં જ્યાં જયાં નજર કરો ત્યાં ત્યાં કળા અને કારીગરી ઊભરાતાં દેખાશે."
કળા અને કારીગરી ગુજરાતી બોલતા સમાજના જીવનમાં કેટલે અંશે મહત્ત્વનાંછે? ખાસ દાખલાઓનો નિર્દેશ કરીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

**સવાલ ૧૯ સંસ્કૃતિ: રાજકારણ**

ભારતના એક સામયિક માટે એક લેખ લખો. લેખમાં આઝાદી પછી ભારતમાં જે વિકાસ થયો છે તે વિશે લખો. ભારત શા માટે કેટલાક ક્ષેત્રોમાં ખાસ સફળ થયું છે અને કેટલાકમાં નહિ તે સમજાવો.

**[Relevance and point of view: 10 marks]**
**[Structure and analysis: 15 marks]**
**[Quality of language: 20 marks]**

© OCR 2016

www.xtrapapers.com



**For candidates use: Question no.**

© OCR 2016

www.xtrapapers.com



**For candidates use: Question no.**

© OCR 2016

